## 2019 ચૂંટણી પ્રશાસન યોજના (EAP) માટે પૂરક

આ દસ્તાવેજ ઓરેન્જ (Orange) કાઉન્ટી રજિસ્ટ્રાર ઓફ વોટર્સ (OCROV) 2019 ચૂંટણી પ્રશાસન યોજના (EAP) ના પૂરક તરીકે રજૂ કરવામાં આવે છે અને તે મૂળ EAP ના એવા ક્ષેત્રોને પ્રકાશિત કરવાનો પ્રયાસ કરે છે જે રાજ્યના સચિવ (SOS) ના 14 સપ્ટેમ્બર, 2021, કેલિફોર્નિયા ગવર્નેટોરિયલ (California Gubernatorial) રિકોલ ચૂંટણી (છેલ્લું સંશોધન- 16 જુલાઈ, 2021) ના એકસમાન આચરણ માટે ચૂંટણી વહીવટી માર્ગદર્શનના તાજેતરના પ્રકાશનના અનુસંધાનમાં ગોઠવવામાં આવશે.

### મત કેન્દ્ર સિદ્ધાંત અને વિચારણાઓ

§4005(a)(10)(I)(vi)(I)

OCROV ના મૂળ 2019 EAP માં દર્શાવ્યા મુજબ, મતદાર પસંદગી અધિનિયમ (VCA) નોંધાયેલા મતદારોની સંખ્યાના આધારે મત કેન્દ્રોની સંખ્યા નક્કી કરવા માટે એક સિદ્ધાંત સ્થાપિત કરે છે. આ સિદ્ધાંત મુજબ કાઉન્ટીઓએ પ્રત્યેક 50,000 નોંધાયેલા મતદારો માટે 11-દિવસનું મત કેન્દ્ર અને દર 10,000 નોંધાયેલા મતદારો માટે 4-દિવસનું મત કેન્દ્ર પ્રદાન કરવું આવશ્યક છે. VCA માં દર્શાવેલ સિદ્ધાંતના આધારે, જરૂરી ન્યૂનતમ એ ચૂંટણીના 88 દિવસ પહેલા કુલ નોંધાયેલા મતદારો પર આધારિત છે (E-88).

તુલનાત્મક રીતે, 14 સપ્ટેમ્બર, 2021 કેલિફોર્નિયા ગવર્નેટોરિયલ (California Gubernatorial) રિકોલ ચૂંટણી માટે, ઓરેન્જ (Orange) કાઉન્ટી જેવી VCA કાઉન્ટીઓ, જેમાં અગાઉ ચૂંટણી કોડ વિભાગ 4005 અથવા 4007 ને અનુલક્ષીને ચૂંટણી યોજવામાં આવતી હતી, તેમને દર 60,000 નોંધાયેલા મતદારો માટે 11-દિવસનું મત કેન્દ્ર અને પ્રત્યેક 30,000 નોંધાયેલા મતદારો માટે 4-દિવસનું મત કેન્દ્ર પ્રદાન કરવાની મંજૂરી છે. આ સિદ્ધાંત માટે ઉપયોગમાં લેવાતા નોંધાયેલા મતદારોની સંખ્યા 10 ફેબ્રુઆરી, 2021 ના મતદાર નોંધણીની ગણતરી પર આધાર રાખે છે.

આગામી 14 સપ્ટેમ્બર, 2021 કેલિફોર્નિયા ગવર્નરેટરી (California Gubernatorial) રિકોલ ચૂંટણીની તૈયારીમાં, OCROV એ કુલ 64 મત કેન્દ્રોની સ્થાપના કરીને આ જરૂરિયાત પૂર્ણ કરી છે– 31 11-દિવસના મત કેન્દ્રો અને 33 4-દિવસના મત કેન્દ્રો.

### મતપત્રક ડ્રોપ-ઓફ સિદ્ધાંત અને વિચારણાઓ

§4005(a)(10)(I)(vi)(II)

વધુમાં, OCROV ના મૂળ 2019 EAP માં જણાવેલ વિગત મુજબ, VCA ને કાઉન્ટીઓને દરેક 15,000 નોંધાયેલા મતદારો માટે ઓછામાં ઓછું એક મતપત્રક ડ્રોપ-ઓફ સ્થાન પણ પ્રદાન કરવાની જરૂર છે. દરેક શહેર

અને અસંગઠિત વિસ્તારોમાં જરૂરી મતપત્રક ડ્રોપ-ઓફ સ્થાનોની સંખ્યા નક્કી કરવા માટે E-88 પર મતદાર નોંધણી ડેટાનું વિશ્લેષણ કરવામાં આવે છે. 14 સપ્ટેમ્બર, 2021, કેલિફોર્નિયા ગવર્નરેટરી (California Gubernatorial) રિકોલ ચૂંટણીના એકસમાન આચરણ માટે રાજ્ય સચિવ (SOS) ની ચૂંટણી વહીવટી માર્ગદર્શનની તાજેતરની રજૂઆત સાથે, આ જરૂરિયાત બદલાતી નથી.

14 સપ્ટેમ્બર, 2021 ના રોજ, કેલિફોર્નિયા ગવર્નેટોરિયલ (California Gubernatorial) રિકોલ ચૂંટણી માટે, VCA કાઉન્ટીઓ, જેમ કે ઓરેન્જ (Orange) કાઉન્ટીએ, "તેમના અધિકારક્ષેત્રમાં પ્રત્યેક 15,000 નોંધાયેલા મતદારો માટે ઓછામાં ઓછું એક મતપત્રક ડ્રોપ-ઓફ સ્થાન પ્રદાન કરવાનું છે." 10 ફેબ્રુઆરી, 2021 થી નોંધણીના અહેવાલ, કુલ મતદાર નોંધણીની ગણતરીઓ પર આધારિત ડ્રોપ-ઓફ સ્થાનોની ન્યૂનતમ સંખ્યા સાથે.

ઓરેન્જ (Orange) કાઉન્ટીની કુલ મતદાર નોંધણીની સંખ્યા હવે વધી છે, અને ડ્રોપ-ઓફ સ્થાનોની સંખ્યા હવે 120 થઈ છે. OCROV આગામી 14 સપ્ટેમ્બર, 2021, કેલિફોર્નિયા ગવર્નટેરિયલ (California Gubernatorial) રિકોલ ચૂંટણી દરમિયાન કુલ 120 બેલેટ ડ્રોપ-ઓફ સ્થાનો (કાયમી મતપત્રક ડ્રોપ બોક્સ અને નીચે દર્શાવ્યા મુજબ સ્ટાફ ડ્રોપ-ઓફ સ્થાનો) નું સંચાલન કરશે, જેથી એ સુનિશ્ચિત થાય કે ઓરેન્જ (Orange) કાઉન્ટીમાં નોંધાયેલા દરેક 15,000 મતદારો માટે ઓછામાં ઓછા એક મતપત્રક ડ્રોપ-ઓફ સ્થાનની સ્થાપના કરવામાં આવી છે.

120 બેલેટ ડ્રોપ-ઓફ સ્થાનોમાંથી, ચાર સ્ટાફ ડ્રોપ-ઓફ સ્થાનો તરીકે કાર્યરત રહેશે, બાકીના 116 કાયમી ધોરણે સ્થાપિત મતપત્રક ડ્રોપ બોક્સ સાથે સમાવિષ્ટ હશે.  તમામ 116 કાયમી ધોરણે સ્થાપિત મતપત્રક ડ્રોપ-બોક્સ મતદારો માટે દિવસના 24 કલાક, સપ્તાહના 7 દિવસ, સોમવાર 16 ઓગસ્ટ, 2021 થી ચૂંટણીનો દિવસમંગળવાર 14 સપ્ટેમ્બર, 2021 સાંજે 8:00 વાગ્યા સુધી ખુલ્લા રહેશે. કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકા અને OCROV વેબસાઇટમાં સૂચિબદ્ધ,વધારાના ચાર સ્ટાફ મતપત્રક ડ્રોપ-ઓફ સ્થાનો સોમવાર, ઓગસ્ટ 16, 2021 થી શરૂ થઈને ચૂંટણી દિવસ સુધી સ્થાનના સામાન્ય કામકાજના કલાકો દરમિયાન મતદારો માટે ખુલ્લા રહેશે.

## મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજનાની ઝાંખી

§4005(a)(10)(I)(i), §4005(a)(10)(I)(i)(VI)

OCROV સમુદાય સંગઠનો અને હિસ્સેદારો સાથે નવા સંબંધો કેળવવા તેમજ વર્તમાન મત કેન્દ્ર મોડેલ હેઠળ સમુદાય ભાગીદારો સાથેના અમારા વર્તમાન સંબંધોને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે.

2020 ના પ્રથમ ભાગમાં મત કેન્દ્ર મોડલમાં પ્રારંભિક સંક્રમણ સાથે, OCROV એ એક જનરલ મીડિયા પ્લાનની સ્થાપના કરી હતી જે ઓરેન્જ (Orange) કાઉન્ટીના મતદારોને મત કેન્દ્ર મોડલ સાથે પરિચિત કરવા માટે હતું. તે

સમયે, OCROV એ શક્ય તેટલા મતદારો સુધી પહોંચવા માટે ઘણી વખત, વિસ્તૃત અભિગમ અપનાવ્યો છે. સોશિયલ મીડિયા, ડાયરેક્ટ મેઇલ, પ્રિન્ટ, બ્રોડકાસ્ટ, વિડીયો, ઓનલાઈન અને રેડિયો અભિગમોના મિશ્રણનો ઉપયોગ કરીને, OCROV એ મીડિયા આઉટલેટ્સના સ્પેક્ટ્રમને સંતૃપ્ત કર્યું છે અને નોંધપાત્ર સંખ્યામાં મતદારો સુધી પહોંચવામાં સફળ રહ્યું (મતદાર દીઠ સરેરાશ 10 છાપ સાથે, વૈધાનિક જરૂરિયાતો કરતા વધારે). મતદારોની વધતી જતી સંખ્યા સાથે હવે તેઓ મત કેન્દ્ર મોડેલથી પરિચિત છે, અને સમયાંતરે નક્કી કરવામાં આવેલ સાથે, આગામી કેલિફોર્નિયા ગવર્નરેટરી (California Gubernatorial) રિકોલ ચૂંટણી માટેના અગ્રિમ પ્રયાસોને વધુ કેન્દ્રિત અભિગમની જરૂર છે.

14 સપ્ટેમ્બર, 2021, કેલિફોર્નિયા ગવર્નેટોરિયલ (California Gubernatorial) રિકોલ ચૂંટણીની તૈયારીમાં, મતદારોને તેમના મતદાન વિકલ્પો, મતદાન અવધિ અને સ્થાનો પર માહિતગાર રાખવામાં મદદ કરવા માટે; OCROV એ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, જેમ કે Facebook, Twitter અને Instagram નો વધુ ઉપયોગ કર્યો છે.  આ સોશિયલ મીડિયા અભિયાન અમારી નવેમ્બર 2020 ની યોજનાઓના પરિણામોને નજીકથી પ્રતિબિંબિત કરશે, જે ISP ડેટાના સૂક્ષ્મ લક્ષ્યો દ્વારા મોટાભાગના ઓરેન્જ (Orange) કાઉન્ટી મતદારો સુધી પહોંચશે. રેડિયો અને મુદ્રિત જાહેરાતોનો પણ અનેક ભાષાઓમાં લાભ આપવામાં આવશે. આ ઉપરાંત, OCROV એ ડાયરેક્ટ મેઇલ પોસ્ટકાર્ડ બનાવ્યું છે, જે ઓરેન્જ (Orange) કાઉન્ટીના તમામ 1.8 મિલિયન મતદારોને મોકલવામાં આવશે.  પોસ્ટકાર્ડ મતદારોને તેમના સત્તાવાર મેલ બેલેટ, અને તેમના નજીકના આત કેન્દ્ર અને બેલેટ ડ્રોપ-ઓફ સ્થાન વિશે માહિતી આપશે. પોસ્ટકાર્ડનું અનુવાદ કરવામાં આવ્યું હતું અને તે મતદારો માટે ચાઇનીઝ, કોરિયન, સ્પેનિશ અને વિયેતનામીસ ભાષાઓમાં ઉપલબ્ધ રહેશે.  વધુમાં ઓરેન્જ (Orange) કાઉન્ટીના મતદારોને મેસેજિંગ ઇમેઇલ પણ પ્રાપ્ત થશે જેનો હેતુ આગામી 14 સપ્ટેમ્બર, 2021 ના રોજ કેલિફોર્નિયા ગવર્નરેટરી (California Gubernatorial) રિકોલ ચૂંટણી દરમિયાન મતદારોને તેમના મતદાન વિકલ્પો વિશે જાણકારી આપવાનો છે.

વધુમાં, OCROV બહુવિધ વર્ચ્યુઅલ જાહેર વર્કશોપનું પણ આયોજન કરશે, જેમાં મતદારોને તેમના મતદાન વિકલ્પો અને તેમના નજીકના મત કેન્દ્ર અને બેલેટ ડ્રોપ-ઓફ સ્થાનોને કેવી રીતે શોધવું તેની જાણકારી રાખવા માટે તૈયાર કરશે. ઓગસ્ટના અંતમાં, OCROV એક EAP જાહેર સુનાવણીનું આયોજન કરશે, જેના દરમિયાન લોકોને EAP અપડેટ કરવા માટે તેમનો પ્રતિસાદ અને ઇનપુટ આપવા માટે આમંત્રિત કરવામાં આવશે.

જ્યારે 2019 EAP એ 2020 માં ઓરેન્જ (Orange) કાઉન્ટીમાં મત કેન્દ્ર મોડેલને અમલમાં મૂકવા માટે આધાર અને માર્ગદર્શક રૂપરેખા પૂરી પાડી હતી, ત્યારે આ મૂળ યોજના માટે આ પૂરક, EAP ના તે વિસ્તારોને પ્રકાશિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે 14 સપ્ટેમ્બર, 2021 ના રોજ કેલિફોર્નિયા ગવર્નેટોરિયલ (California Gubernatorial) રિકોલ ચૂંટણી (છેલ્લું સંશોધન - 16 જુલાઇ, 2021) ના એકસમાન આચાર માટે રાજ્ય સચિવ (SOS) ચૂંટણી વહીવટી માર્ગદર્શિકાના તાજેતરના પ્રકાશનને સમાવવા માટે અનુકૂલન કરવું પડ્યું હતું.